# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


અખબારી યાદી તા. ૧૫-૬-૨૦૨૩

- <u>ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ના અધ્યક્ષ રાજ્યસભા સાંસદ શ્રી શક્તિસિંહ ગોહિલ, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શ્રી અમિત ચાવડા અને કોંગ્રેસ પાર્ટી ના વરિષ્ઠ નેતાગણ વાવાઝોડા માં અસરગ્રસ્ત થઈ શકે તેવા કચ્છની મુલાકાતે</u>
- <u>કોંગ્રેસ ના દરેક કાર્યકરને ખડેપગે ગુજરાત ની જનતા ની સેવા કરવા ની કરી હાંકલ : જગદીશભાઈ ઠાકોર પૂર્વ પ્રમુખ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ.</u>
- <u>કોંગ્રેસ ના કાર્યકરોએ જિલ્લે જિલ્લે અને તાલુકે તાલુકે શરૂ કર્યા હેલ્પલાઈન સેન્ટર અને ફૂડ પેકેજ વિતરણ ની વ્યવસ્થા : જગદીશભાઈ ઠાકોર</u>
- <u>કચ્છ માં કોગ્રસ ના કાર્યકર્તાઓ દ્વારા રાહત કેમ્પ શરૂ કરાયા : જગદીશભાઈ.</u>

રાજીવ ગાંધી ભવન અમદાવાદ ખાતે પ્રેસવાર્તાને સંબોધતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ શ્રી જગદીશભાઈ ઠાકોરે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા ખૂબ ગંભીર વાવાઝોડાંના આપદાના સમયમાં કોંગ્રેસના કાર્યકર્તાઓ દ્વારા શરૂ કરાયેલ રાહત કાર્યોની વિગત આપવામાં આવી હતી. ગુજરાત કોંગ્રેસ દ્વારા પ્રદેશ કાર્યાલયમાં ૨૪ કલાકની હેલ્પલાઈન સેવા શરૂ કરવામાં આવી છે. ગંભીર વાવાઝોડાંને ધ્યાનમાં રાખી ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ-સાંસદ રાજ્યસભા શ્રી શક્તિસિંહ ગોહિલ, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડા સહિત વરિષ્ઠ નેતાગણ અસરગ્રસ્ત થઈ શકે તેવા વિસ્તાર કચ્છના પ્રવાસે. ગુજરાત કોંગ્રેસના દરેક કાર્યકર્તાઓ આપદાના સમયમાં સેવાકાર્યમાં જોતરાઈ તેવી પક્ષે હાંકલ કરી છે. કચ્છ, જામનગર, દેવભૂમિ દ્વારકા, જૂનાગઢ, ગીર સોમનાથ, મોરબી, પાટણ સહિતમાં જિલ્લાઓમાં તાલુકા લેવલે હેલ્પલાઈન સેવા શરૂ કરવામાં આવી છે. કચ્છ, દ્વારકા જિલ્લામાં અસરગ્રસ્ત વિસ્તારના લોકો માટે રાહત કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે. પોરબંદર જામનગર માં ફૂડ પેકેજ વિતરણ શરૂ કરી દેવામાં આવ્યા છે જ્યારે અન્ય જિલ્લામાં તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. પોરબંદર જિલ્લામાં પૂર્વ પ્રદેશ અધ્યક્ષશ્રી અર્જુન મોઢવાડિયા ખડેપગે સેવા કાર્યોમાં જોતરાયા છે, એમ્બ્યુલન્સ સેવાની વ્યવસ્થા કરવા માં આવી છે. ગુજરાત કોંગ્રેસ તંત્રને અપીલ કરે છે જે લોકો ને સ્થળાંતરિત કરવામાં આવ્યા છે તેમને કેશડોલની વ્યવસ્થા તાકીદે કરવામાં આવે અને પશુધન માટે રિઝર્વ ઘાસ ચારાની વ્યવસ્થા કરવા આવે. વાવાઝોડાંનો ઘેરાવ ચિંતાજનક છે, પ્રબળ પવન અને ધોધમાર વરસાદની આગાહી છે ત્યારે માનવતા ધર્મનું પાલનકર્તા સેવા કાર્યમાં કોંગ્રેસ કાર્યકર્તા જોતરાયા છે. અસરગ્રસ્ત વિસ્તારના લોકો વાવાઝોડુ થમે નહીં ત્યાં સુધી તંત્રની સુચનાનું પાલન કરે, સાવચેતી રાખે અને અફવાઓથી દુર રહે તેવી અપીલ કરીએ છીએ. વાવાઝોડા અસરગ્રસ્ત વિસ્તારમાં કવરેજ કરતા મીડીયા કર્મીઓ સાવચેતી રાખે તેવી વિનંતી છે. પ્રેસવાર્તામાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષશ્રી ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, શ્રી બિમલ શાહ અને શ્રી નઈમ મિર્ઝા ઉપસ્થિત રહ્યા હતા.

પાર્થિવરાજસિંહ કઠવાડિયા
પ્રવક્તા, મો. 9898134146